

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*માયાવી સંબંધો છે બધા, બાકી કોણ કોનું છે ?*
*રહેવું નિર્લેપ કર્તવ્યો, એ જ સાચું સોનું છે,*
*છાનું છે રહસ્ય, બંધાયું જન્મો-જન્મના કર્મે -*
*રાગ-દ્વેષ, સુખ-દુ:ખ, બધું મનનું બ્હાનું છે.*
*(કોરોના - સત્સંગ-૨)*

### હાઈકુ

*ભીંજાયા વિના -*
*સંસાર સરોવરે -*
*કરી લ્યો સ્નાન...*
*(નિર્લેપ રહો...)*

*તરવાનું છે -*
*અતલ ને અગાધ,*
*સમુદ્ર મહીં...*
*(સંસાર સાગર)*

### ચિંતન

***સન્તઃ સ્વતઃ પ્રકાશન્તે ગુણાન પરતો નૃણામ્ ।***
***આમાદો નહિ કસ્તૂર્યાઃ શપથેન વિભાવ્યતે ॥***

**ઉપરોક્ત શ્રી સુભાષિતપદ્યાવલિમાંથી લેવામાં આવેલ છે.**

**માણસોના સારા ગુણો તેના વર્તનથી સ્વયં જાણવામાં આવે છે. બીજાઓને જણાવવાથી નહિ, જેમ કે, કસ્તુરીની સુવાસ જાતે જ પરખાઈ જાય છે. તેને માટે સોગન ખાવાની નહિ.**

**માણસોનો રોજિંદો નિત્યક્રમ અને આચરણ - વર્તન જે તદ્દન સ્વાભાવિક રીતે થયા કરે છે એ જ એના જીવનનો સાચો સંદેશ છે. માત્ર આખ્યાન - વ્યાખ્યાન કે કથાઓ કરવાથી એનો ઉપદેશ ઉગી નીકળતો નથી. વર્તન અને વાણી જ માનવીનાં સદાચારનો સુંદર ઉપદેશ હોય છે.**

### સુવિચાર

- અહસાન દોનોં કા હી થા મકાન પર...!!
  છતને જતા દિયા ઔર નીંવને છુપા લિયા...!! - **ડો. રાહત ઈંદોરી**
- જયાં સુધી યુદ્ધ જરૂરી ના હોય ત્યાં સુધી શંખના ફૂંકવો પણ યુદ્ધજ એક માત્ર માર્ગ હોય ત્યારે ત્રણેય લોકમાં નાદ સંભળાવો જોઈએ - **ગુણવંત શાહ**
- ઉંમરની તિજોરી ખાલી થઈ ગઈ... પણ ઈચ્છાને તાળા ન મારી શક્યા - **એસ. ભટ્ટાચાર્ય**
- ડૂબી છે પરંતુ સાગરના અસ્તિત્વને એણે તાર્યું છે,
  તોફાન છતાંયે નાની નૌકાએ મઝધારમાં માથું માર્યું છે - **અનામી**
- દૂધ લાવવાનું કામ જો બિલાડી ને ન જ સોંપાય તો ધર્મ કરવો કે ન કરવો, પાપો છોડવા કે ન છોડવા એ માટેની સલાહ 'મન' પાસે તો ન જ લેવાય - **ઓશો**
- સુધારા ઠોકી બેસાડવા કરતાં તેને માટે આત્મપ્રેરણા ઊભી કરવી બહેતર છે - **શાહબુદ્દિન રાઠોડ**
- આજનું ઔષધ : ચંદન પાઉડર સાથે કાળા મરીનો પાઉડરને પાણીમાં મેળવી પેસ્ટ બનાવી ખંજવાળ પર લગાડવાથી ખંઝવાળમાં તરત રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જયપ્રકાશ નારાયણને મળવા માટે એક જાપાનનો પત્રકાર આવ્યો. તે ભારતીય સંસ્કૃતિથી થોડો ઘણો પરિચિત હતો. જયપ્રકાશ તેને સાચા ભારતનો પરિચય કરાવવા તેને એકાદ અઠવાડિયું પોતાની સાથે ઉત્તરપ્રદેશના નાના શહેરો અને ગામડામાં ફેરવ્યો. આ એક અઠવાડિયા દરમિયાન જાપાની પત્રકારે ગામડામાં ચોરે લોકો ગામ-ગપાટા કરતાં જોયા. નવરા બેઠેલા લોકો હસી-મજાક કરતા હતા. તે જોઈને ભારતીયોની મજાક ઉડાવતા જયપ્રકાશજીને કહ્યું, 'તમારો દેશ તો બહુ અમીર લાગે છે. લોકો નવરા બેઠા છે, ગપ્પા મારી રહ્યા છે. જાપાનમાં આ રીતે તમને કોઈ નવરો બેસેલો નહીં મળે. તમારા ભારતમાં તો ઘોર ગરીબી છે તેમ છતાં અહીં લોકો નવરાં બેઠા છે. આ આળસ કાં તો સમૃદ્ધ દેશોમાં હોય છે કાં તો કમજોર સાશન વ્યવસ્થામાં.' જયપ્રકાશ નારાયણે જવાબમાં કહ્યું, 'અમારા ભારતની આજ સંસ્કૃતિ અને વિશેષતા છે. અહીં લોકો મુશ્કેલીમાં પણ ખુશી શોધી લે છે. તેઓ પરસ્પર સુખ-દુઃખ વહેંચવાનું જાણે છે. સમસ્યાનું સમાધાન સાથે મળીને કાઢે છે. જેને તમે અકર્મણ્યતા કહી રહ્યા છો, તે જ વિશેષતા તેમને એકબીજા સાથે જોડી રાખે છે તે પણ એક શક્તિ છે કે જેના ઉપર અમારો સમાજ સુખદુઃખ વેઠતો આવ્યો છે. તમે જોજો મારા ભારત દેશ એ જ તાકાતના સહારે પ્રગતિ કરશે.' જાપાની પત્રકારની જયપ્રકાશનારાયણના જવાબથી બોલતી બંધ થઈ ગઈ.

# જીવન હૈ અગર જહર તો પીના હી પડેગા

**તંત્રીસ્થાનેથી...**

ડર અને પડકારના સંયુક્ત વાતાવરણમાં આખી દુનિયા સપડાઈ ચૂકી છે. ભારતમાં છેલ્લા એક જ દિવસમાં ૧૧૦ નવા દરદી નોંધાયા છે. યુનાઈટેડ સ્ટેટ્સ હવે કોરોના વાઈરસનું એપી સેન્ટર બની ગયું છે. ઈટાલીમાં એક જ દિવસમાં હજાર મૃત્યુ થયાં છે. લાશો સૂનાં ઘરોમાં રઝળી રહી છે. કોવિડ-૧૯નો કેર ન ફેલાય એ માટે સરકાર શરૂથી જ શક્ય એટલાં પગલાં ભરતી રહી છે પરંતુ આપણી પ્રજા આ મુદ્દે હજી પણ પૂરતી ગંભીર નથી. શહેરો છોડીને વતનમાં જઈ રહેલા લોકોથી રસ્તા ઊભરાઈ રહ્યા છે. સામૂહિક હિજરતને અટકાવવાના સરકારી પ્રયાસોને ઝાઝી દાદ નથી મળતી. સ્પેનમાં ઈટાલી જેવી જ દુર્દશા છે. ભારતમાં કોરોનાએ મોડો પ્રવેશ કર્યો પણ હવે એ ત્રીજા સ્ટેજમાં પહોંચી ચૂક્યો છે. આવી પરિસ્થિતિમાં સરકાર બીજું તો શું કરી શકે? પડકાર તરીકે ગુજરાતમાં કોવિડ હોસ્પિટલો રેકોર્ડ સમયમાં ઊભી થઈ ગઈ છે. વસતિ વધારે હોય એટલે પ્રમાણમાં બીમાર દર્દીઓની સંખ્યા પણ મોટી હોવાની. મહાનગરોમાં સંપૂર્ણ સજ્જ હોસ્પિટલો, આઈસીયુ - વેન્ટિલેટરની પૂરતી સગવડ ઊભી કરવા બદલ રાજય સરકાર ધન્યવાદને પાત્ર છે. પરંતુ ખાટલે ખોડ કે આપણી પ્રજાને હજી આ મોતના સોદાગર જેવા કાળમુખા કોરોના ડિસીઝ વિશે પૂરતી માહિતી નથી. ઈટાલીમાં બેઠા બેઠા ભારતીય મૂળના લોકો ત્યાં પ્રવર્તેલા મોતના તાંડવના વીડિયમો મોકલી આપણને ચેતવી રહ્યા છે, છતાં આપણા લોકો હજી જેને 'સોશિયલ ડીસ્ટન્સિંગ' કહેવામાં આવે છે તેવું અંતર જાળવી શક્તા નથી. વારંવાર હાથ સાબુથી ધોવાના કે દર વખતે બહારથી આવ્યા પછી કપડાં ગરમ પાણીમાં બોળવા જેવા ઉપક્રમો પાળવાનું કોઈને ગમતું નથી. કોરોના વાઈરસ વિવિધ ધાતુઓ કે પ્લાસ્ટિકની સપાટી પર હોય ત્યારે એને અકડવાનું તો વારંવાર થયા જ કરે. દર વખતે કાળજીપૂર્વક હાથ ધોવાનું અને હાથ મોં કે આંખને ન અડકી જાય એનું ધ્યાન રાખવાનું અઘરું છે. ઘરમાં પુરાઈ રહેવાનું કોઈને પણ ગમતું નથી હોતું. સિનિયર સિટીઝનો માટે બાંકડા મુકાયેલા તે સૂના પડી ગયા છે. દરેક ચીજવસ્તુને ઈન્ફેકશનની દહેશત સાથે જોવાની નકારાત્મક માનસિકતા લાંબા ગાળે માનવીને અતડો અને સ્વકેન્દ્રી તો ઠીક પણ જીવનમાંથી રસ જ ઊડી ગયો હોય એવો કોરો, સૂકોભંઠ બનાવી દેશે. આમ છતાં 'જાન હૈ તો જહાન હૈ' વાળી ઉક્તિ મુજબ જીવવું તો પડશે. 'મધર ઈન્ડિયા' ફિલ્મનું પેલું ગીત જરા જુદા સંદર્ભે યાદ આવી જાય છે : 'દુનિયા મેં હમ આયે હૈં તો જીના હી પડેગા ! જીવન હૈ અગર જહર તો પીના હી પડેગા.' એ જ ગીતમાં આશાવાદી સૂર પણ હતો : 'ગમ જિસને દિયે હૈં વહી ગમ દૂર કરેગા...' આવો આશાવાદ ખોટો નથી. પરંતુ બધું ઉપરવાળા પર છોડી દેવા જેવુંય નથી. પ્રવૃત્તિ તો આંધળી છે. એને માનવીએ ત્રાસ આપવામાં કશી મણા નથી રાખી, એટલે એ પણ હવે ભુરાટી થઈ છે. પોતાની જાતને વિજ્ઞાનના ખેરખાં માનતા યુરોપના દેશો અને આખી દુનિયાની જમાદારી કરતા અમેરિકાની આ કોરોના સામે ફેં ફાટી ગઈ છે. એક વાર એને નાથી શકાશે તો પછી એનાં મૂળિયાં સુધી પહોંચવાનો પ્રયાસ પણ થશએ. અત્યારે તો હજી એની રસી બનતાં વરસ-દોઢ વરસત નીકળી જાય એમ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા માટે ખુદ અમેરિકા શંકાની નજરે જોતું થઈ ગયું છે અને ભારત માટે તો બધું જ રામ ભરોસે ચાલતું રહ્યું છે - જો આવનારાં અઠવાડિયાં દરમિયાન આ લોકડાઉનવાળો એકમેવ ઉપાય કારગત નીવડશે તો દુનિયામાં ફરી એક વાર ભારતને 'જગદ્ગુરુ' નું બિરુદ હાથવગું બની રહેશે. દરમિયાન અત્યારે તો ટ્રમ્પે ભારતને કોરોના વિરુદ્ધ ફાઈટ આપવા માટે ૨.૯ મિલિટન ડોલર છૂટા કરી દીધા છે !

# જીવનનું ભણતર, ગણતર અને ઘડતર...



## આરપાર

રાઘવજી માધડ

દરિયાના રેતાળ પટમાં,હેતાળ બાળકો મોજથી રમતાં હતાં.કોઈ ઘર બનાવતા હતા,કોઈ મહેલ બનાવતા હતાં... પછી દરિયાનું મોજું આવી સઘળું સ્વાહા કરી,પાછું ફરી જતું હતું.તેમાં એક બાળકે રેતીમાં સ્કુલ દોરી હતી ને પાણીમાં ઓગળી ગઈ.બાળક આનંદમાં આવી તાલીઓ સાથે ચિચિયારી કરવા લાગ્યો હતો...સ્કુલ ધોવાઈ ગઈ તેનો તેને રાજીપો હતો. ભૂતકાળમાં વિદ્યાર્થી-આંદોલન થયા ત્યારે સ્કૂલો નિશાન બની હતી. આનું કારણ અને તારણ એક કાઢી શકાય : ઘણાં વિદ્યાર્થીઓને સ્કુલ ગમતી નથી !

આપણે કલ્પના કરીએ કે, કોઈ એવી સ્કુલ હોઈ શકે જ્યાં વિદ્યાર્થીઓને દરરોજ જવું ગમે,રોકાવું ગમે ને ભણવું ગમે. હા,મન ગમતી સ્કુલના ક્યાંક ગામડે અપવાદ ઊભા થવા લાગ્યા છે તે સર્વને વંદન કરી,અભિનંદન આપીએ. બાકીતો મોર્નિંગ સ્કુલ હોય અને બાળકો ભરનીંદરમાંથી જગાડીને યુદ્ધે જતા યોદ્ધા માફક સજ્જ કરીને મોકલવાનો અનુભવતો તેનાં મમ્મીને જ પૂછવો પડે !

પણ હવે તો સંજોગોવસાત સ્કુલે જતી રિક્ષા અને પરીક્ષા બંનેમાંથી બાળકોને મુક્તિ મળી છે.

કુદરતી આપત્તિના લીધે સ્કૂલો બંધ છે. સાવચેતી અને સલામતીના ભાગ રૂપે લોકડાઉન સુધીનું સરકારનું પગલું અતિ આવકારદાયક છે.સહિયારી જવાબદારી સમજી સહયોગ આપવો તે નાગરિકધર્મ છે.

કોરોનાના કહેર વચ્ચે ક્યાંક બાળકોને સ્કુલે નથી જવાનું તેની જાણે મઝા પડી ગઈ હોય એવું... તેને પૂછોતો ખ્યાલ આવે.પણ જયારે બાળકોને શેરીમાં મુક્તપણે રમતાં જોઈએ ત્યારે તેનું બાળપણ ભોગવી રહ્યાં છે એવું થયા વગર રહેતું નથી.ઘણાં કારણોમાં, ખાસ કરી ભણતરના લીધે તેનું નૈસર્ગિક બાળ પણ ને ક્યાંક ભોળપણ છીનવાઈ ગયું હોય એવું લાગે છે.ખાસ કરી નગરમાં,એકતો હોમવર્કનો કહેર અને માથેથી ટ્યુશન !તેનાં પાસે બાળગોઠિયા સાથે રમવા,ભમવાનો ટાઈમ ન રહે.સ્માર્ટ જનરેશનને એક્ટીવ રાખવાના શિક્ષિત વાલીઓના નુસખામાં બાળક મેળવવા કરતા ઘણું ગુમાવતો હોય છે.બાળકને મનગમતું કામ કરવાનો મોકો મળતો કે આપવામાં આવતો નથી.કોઈ બાળક ચિત્ર દોરતું હોય અથવા હોમવર્ક સિવાય ની પ્રવૃત્તિ કરતું હોય ત્યારે વાલી તરતજ ટોકે ને રોકે છે: 'પછી એકઝામમાં શું કરીશ,ચિત્રો દોરીશ !?'

બાળકો પાસે બેસવાનો અને તેનાં સાથે મનગમતો સંવાદ કરવાનો સમય મળ્યો છે.અત્યારે બાળક ને આપણે સમય આપીશું તો ભવિષ્યમાં, વૃદ્ધાવસ્થામાં એ આપણને સમય આપશે.તેથી કદાચ ઘરડાંઘરમાં જવાનું અટકી ને છટકી પણ જાય !

બાળકને શું કરવું ગમે છે તેવું પૂછો અને તેમ કરવામાં મદદ કરો.પ્રોત્સાહિત કરો. હા,ઘણાં વાલી બાળકો માટે સમય ફાળવતા હોય છે.એકાદ વાર્તા કહો...અબાલવૃદ્ધ દરેકને કથારસ માણવો ગમતો હોય છે.અથવાતો જીવનના અનુભવ કહો.પછી તેને,બાળકને સાંભળો...(બાળકને ઘણું કહેવું હોય છે.)અને જે બોલ્યો, જે કહ્યું તે લખવાનું કહો. ભાર વગરના ભણતરની એને મઝા આવશે.

ઘર એ જીવનની સૌથી મોટી પાઠશાળા છે.કહેવતમાં કહીએ છીએ :ભણ્યો પણ ગણ્યો નહીં. જીવનનું ખરું ભણતર, ઘડતર અને ગણતર અધર એક્ટીવીટી અથવા તો જીવનના અનુભવો દ્વારા જ થતું હોય છે.

**છેલ્લે :**

વરસો પછી એટલું જ યાદ રહેશે : આપણે દૂર રહ્યાં છતાંય એકબીજાથી સાવ નજીક હતાં !

# લીલીછમ્મ સંવેદનોનું એક પારિજાતીય વૃક્ષ : સંવેદનનું સ્ટેટ્સ



## મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

આપણા સાહિત્યમાં રાજ્યાશ્રિત કવિઓની એક આખી પરંપરા યુગોથી ચાલી આવે છે. રાજાશાહી જતા લોકશાહી આવી તો આ પ્રથા સરકારી સેવામાં ફેરવાઈ ગઈ. રાજ્ય સરકારમાં ઉચ્ચ સ્થાને બિરાજતા હોય અને પોતે કવિ / સર્જક હોય એવા ઉચ્ચ અધિકારીઓની પણ એક પરંપરા આપણે ત્યા રહી છે. જો કે સરકારમાં ઉચ્ચ સ્થાને બિરાજતા સર્જકોના સર્જન પ્રત્યે અને એમની સ્વીકૃતિ પ્રત્યે વિવેચકોને કે અન્ય સાહિત્યકારોને હંમેશાં છૂપો અણગમો રહ્યો છે જો કે એની પાછળના કેટલાક કારણો સાચા પણ છે. કેમ કે સરકારમાં ઉચ્ચ હોદા પર બિરાજમાન સર્જકોના બે પ્રકાર છે. પદ આધારિત સર્જક અને કલમ આધારિત સર્જક. ઘણા સર્જકો પદને કારણે પ્રસિદ્ધ થયેલા છે. અનેક કાર્યક્રમોમાં, સમારોહમાં, સેમિનારોમાં કે કવિ સંમેલનોમાં એમની મંચ ઉપર ઉપસ્થિતિ હોય જ છે. અખબારોમાં ને મિડીયામાં પણ તેઓ સતત ચમકતા રહેતા હોય છે. અને ક્યારેક તો આવા પદ આધારિત સર્જકો વણકલ્પ્યા પ્રતિષ્ઠિત પુરસ્કારો પણ લઈ આવે છે. અને બીજો પ્રકાર છે કલમ આધારિત સર્જક – જેઓ માત્ર પોતાની કલમની તાકાતથી જ આગળ વધે છે. ક્યારેય પદનો ઉપયોગ કરતા નથી. ક્યારેય ખોટી પ્રસિદ્ધિ કે પુરસ્કારો પાછળ ભાગતા નથી. કલમમાંથી જે શબ્દ નીકળે એ જ એમની પ્રસિદ્ધિ અને પુરસ્કાર હોય છે. આવા જ એક સરકારમાં ઉચ્ચ સ્થાને બિરાજમાન કલમ આધારિત સર્જક છે શ્રી રમેશ ઠક્કર જેઓ સરકારમાં શ્રી આર. આર. ઠક્કરના નામે ઓળખાય છે. આ સર્જકને મળીએ તો એમના સરળ સ્વભાવને કારણે લાગે જ નહીં કે તેઓ એડિશનલ કલેકટર હશે. ચહેરા ઉપર હંમેશાં સ્માઈલ અને અવાજમાં એક હૂંફાળો રણકો લઈને આ સર્જક પોતાની સરકારી ઓફિસમાં જ્યા જાય ત્યા સૌને પોતાના બનાવી લે છે.

શ્રી રમેશ ઠક્કરના બાર જેટલા પુસ્તકો પ્રગટ થયા છે. જેમાં ત્રણ કાવ્યસંગ્રહ છે. એક લઘુકથા સંગ્રહ, ત્રણેક લેખ સંગ્રહ, એક લલિત નિબંધ સંગ્રહ, ત્રણેક સંપાદનો છે. પરંતુ તેમનું એક પુસ્તક જરા હટકે છે. જેના પ્રાગટ્યનું નિમિત્ત ફેસબૂક બન્યું છે. આ પુસ્તકનું શીર્ષક પણ કેટલું રૂપાળું છે – સંવેદનનું સ્ટેટસ

આપણે સૌ જાણીએ છીએ કે આજકાલ ફેસબૂક ઉપર ઘણા સર્જકો ખૂબ જ સક્રિય રીતે સર્જન કરી રહ્યા છે. કેટલાકે તો પોતાની કલમની તાકાતથી ફેસબૂક ઉપર પોતાનો એક ચાહક / ભાવક વર્ગ બનાવી લીધો છે. અનેક લોકોનું ધ્યાન પોતાની તરફ ખેચ્યું છે. આ સર્જક પણ સાહિત્યના કોઈપણ સ્વરૂપની આંટીઘુંટીમાં પડ્યા વિના છેલ્લા ઘણા વર્ષથી પોતાની સંવેદનાને અવાર નવાર ફેસબૂક ઉપર ''સ્ટેટસ'' બનાવીને પોસ્ટ કરતા રહ્યા છે. જે વાંચીને અનેક ભાવકો/ચાહકોએ ખુબ સારો પ્રતિભાવ પણ આપતા રહે છે.

ફેસબૂક ઉપર ઊગેલાં સંવેદનોનું એક આખું લીલુછમ્મ વૃક્ષ એટલે - સંવેદનનું સ્ટેટસ. આ પુસ્તકમાં સંવેદનના કુલ ૧૧૬ જેટલા સ્ટેટસ છે. જેનો આરંભ જ એક ઈસ્ત્રીવાળાના મનમાં રહેલા દેશપ્રેમની સંવેદનાથી થાય છે. સર્જકના પોતાના ૧૫મી ઓગષ્ટે પહેરવાના સૂટના ઈસ્ત્રીના પૈસા નહી લઈને દેશ પ્રત્યે પોતાની નાની એવી ફરજ અદા કરતો એ ઈસ્ત્રીવાળો માણસાઈની કેટલી ઊંચાઈ સુધી પહોંચી જાય છે. અહીં પરમ તત્વ પ્રેમના રસાયણની વાત છે, ચોમાસામાં પોતાનું વતન કમાલપુર દ્વિપકલ્પ બનવાનું શબ્દદશ્ય આપણને પણ ભીંજવી દે છે, દાંતીવાડા ડેમને કારણે નદી બનાસ રણ બન્યાનું સૌન્દર્યસભર આલેખન કરીને બાળપણના – કિશોરાવસ્થાના સંસ્મરણો દ્વારા ''સરસ્વતીચન્દ્ર'' ફિલ્મની વિગતે વાત રજુ કરીને સર્જક પોતાની સાહિત્યિક રૂચિને દર્શાવે છે. તો વળી નર્મદા કેવડિયા કોલોનીના લાગણીના તાંતણે બંધાયેલા સંસ્મરણો, કવિ કલાપી વિશેની વિગતો, વરસાદમાં પલળવાની પૂલકિતતાનું પ્રાગટ્ય, દામ્પત્યજીવનમાં જોડીનું માહત્મ્ય, સારપની મધુરપ, દોસ્તી બસ લાગણીનું ધામ છે. એમ કહી પન્નાલાલ પટેલની 'સુખ દુઃખના સાથી' વાર્તાના બે અપંગ – અસહાય ભિખારી પાત્રોની દોસ્તીની વાત, રામ – વિભીષણ, કૃષ્ણ-સુદામા, ગાંધી-અબ્દુલ ગફાર, દલપતરામ-ફાર્બસ... વગેરે અનેક યાદગાર દોસ્તીની વાતને ભાવનાત્મક રીતે રજુ કરે છે. તો વળી સરદાર વલ્લભભાઈ પટેલ, ભાષા અને બોલી, પુસ્તકોનું પરિશીલન, સંબંધોની પરિભાષા, શિક્ષણનું મહત્વ, રખડપટ્ટીની મજા, પ્રેમમાં સમર્પણ, શૈશવની સ્મૃતિ, જન્મ દિવસ, પ્રકૃતિનો વૈભવ, કનૈયાલાલ મુનશી, લખવું એટલે વલખવું, શબ્દનું ગૂઢ રસાયણ, ગામડાનો ખોવાયેલો ધૂળિયો વૈભવ, કોઠાસૂઝની પરીક્ષા, શ્રદ્ધાને આપેલું દીવાદાંડીનું કલ્પન... આ બધા જુદા જુદા નવ્ય વિષયો, સંવેદનો અને કલ્પનો આ સર્જકની સર્જકતાના વિશેષો છે. ભાવકોને એ વાંચવા ગમે છે કેમ કે એમાં કોઈ ખોટું લંબાણ કે વધારે પડતું વર્ણન નથી. લેખકને જે સંવેદન સંવેદાવું છે તે એકદમ ઓછા અને સચોટ શબ્દોમાં રજું કરી દે છે.

આ પુસ્તકમાં સર્જક જાતને પણ સવાલ કરી છે કે 'કવિતાના સરનામે તને શું મળ્યું ?' તો જવાબ પણ પોતે જ આપે છે કે ''મબલક મિત્રો, પુસ્તકોનું પરિશીલન, વિશ્વની વ્યાપકતા, અવ્યક્તતાનું અસીમ આકાશ, પૃથ્વીની વિશાળતા, પગદંડીથી એક્સપ્રેસ વે સુધીનો પ્રવાસ, કોઈ મનગમતો સહવાસ, ઊર્મિઓનો આવાસ'' આવી વાત કરીને આ એડિશનલ કલેકટર સર્જક કવિતાને કેટલી ભવ્યતા આપીને માતૃભાષાનું ગાન પણ ગાય છે. તો વળી સરકારી નોકરીને કારણે ક્યારેક એકલા રહેવાથી અનુભવાયેલી એકાંતવાસની અભિવ્યક્તિના અનેક સ્તરો સંવેદનાત્મક રીતે ખોલી આપે છે. ઘણી જગ્યાએ વતન કમાલપુર અને બ્યાસી વર્ષના 'બા' સાથેના સંસ્મરણો ગદ્ય – પદ્ય પ્રવાહમાં વહી આવ્યા છે. પોતાના અંગત સ્વાનુભવો, પરિવાર સાથેના સંસ્મરણો અને પોતાની અંગત આસ્થાના આરાધ્ય દેવ શ્રી જલારામ બાપા પ્રત્યેની અતૂટ શ્રદ્ધાની સરવાણી પણ અહીં અનુભવી શકાય છે. તો વળી આ સર્જક વ્યક્તિની ઓળખ કેટલી સાહજિકતાથી આપે છે, તેઓ કહે છે કે " જે છલકાઈ શકે છે એ જ મલકાઈ શકે છે " આપણી અંદરના આયામને સાવ નાની એવી વાતથી ખોલી આપે છે. તો વળી તેઓ કહે છે " આપ્તજન જેવું જેનું આલિંગન છે એવા શિયાળાનો ઠાઠનો વૈભવ આપનાર સર્જક વ્યક્તિમાં રહેલા માલિકીપણાના ભાવને પણ અરિસો ધરી દે છે. રણના સૌન્દર્યમાં પથરાતા સન્નાટા અને પ્રચંડ સૂનકારના સૂરને કાવ્યભાષા દ્વારા પ્રસ્તુત કરીને સર્જક આત્મખોજમાં આંતરિક વિશ્વના ઊંડાણ સુધી વિસ્તરીને શબ્દોની રૂપાળી સૃષ્ટિથી મોહિત પણ થતા અનુભવાય છે.

**અનુસંધાન પાના નં ૭ પર**

# અથ શ્રી લોકડાઉનસ્ય કથા - અધ્યાય પ્રથમ ...!!



## રજળપાટ

અજય ઉપાધ્યાય

ડોરબેલ વાગતા જ દરવાજો ખોલવામાં આવ્યો... હાથમાં થેલી અને મોઢે માસ્ક પહેરેલા આગંતુકે હળવું સ્મિત કરીને દરવાજો ખોલનાર સામે જોયું... દરવાજો ખોલનારે ઈશારાથી હાથમાં પકડેલી થેલીને બાજુમાં મૂકવા કહ્યું અને ઈશારાથી જ વોસબેસીન તરફ જવા કહ્યું... આગંતુકે વોશબેસીન પર પડેલા સાબુને હાથમાં લીધો અને પોતાના હાથ ધોવા માંડ્યો... ત્યાં સુધીમાં દરવાજે આવી ગયેલા બન્ને બાળકો પણ આ ક્રિયા પર બરાબર નજર રાખી રહ્યા હતા... થોડીવાર પછી હાથ ધોઈને દરવાજે પડેલી થેલીને પકડીને આગંતુકે ઘરમાં પ્રવેશ કર્યો... મોઢા પરથી માસ્ક હટાવ્યો અને થેલીમાથી દૂધની થેલીઓ, નાસ્તાના પેકેટ અને બીજી વસ્તુઓ ટીપોઈ પર ઠાલવી... દીવાનખંડમાં હાજર બાકીના ત્રણેય લોકોના ચહેરા પર સ્મિત ઝળકી ઉઠ્યું... પત્નીએ ટીપોઈ પર પડેલા હેન્ડ સેનિટાઈજરના બે બુંદ હાથ પર લગાડીને હાથ બરાબર ઘસ્યા પછી બધી ચીજવસ્તુઓ ને વેલકમ કરીને રસોડા ભણી પ્રયાણ કર્યું....!

' હસના મના હૈ ' એવું વારંવાર આ આર્ટીકલ વાંચતાં કહેવું ન પડે પણ હસવું આવી જાય તો મોદીસાહેબે ચારેક વર્ષ પહેલા શરૂ કરેલી સ્વચ્છ ઈન્ડિયા'ની મુવમેંટ કેટલી ગંભીરતાથી લેવાઈ રહી છે એના આવા અનેકો પુરાવાઓ આજકાલ મળી રહ્યા છે, અને યે તો સીર્ફ ઝાંખી હૈ આગે ઓર ભી બાકી હૈ ની જેમ ૨૧ દિવસના ઈન્ડિયા લોકડાઉનમાં આવા તો અનેકો દ્રશ્યો આજકાલ ઘરેઘરે અને ઘરે-બાહિરે ભજવાઈ રહ્યા છે. ' જાન હૈ તો જહાન હૈ' આવું તો છેલ્લે ક્યારે વાંચેલું એ કોઈને યાદ હોય કે ના હોય પણ અત્યારે કોઈને આ સૂત્ર વિષે કશું જ કહેવું પડે એમ છે નહીં. ભલે ને સોશિયલ મીડિયા 'સ્વચ્છતા તો ભારતીય સંસ્કૃતિ છે' એવું પોસ્ટે-પોસ્ટે અને સ્ટેટસે-સ્ટેટસે કહેતું હોય પણ હકીકત એ છે કે સ્વચ્છતાનું આટલું ઈમ્પોર્ટન્સ તો વી ધ પીપલે અગાઉ ક્યારેય આટલી ગંભીરતાથી લીધું જ નહોતું. હાથ ધોવા, સેનિટાઈઝર વાપરવું, માસ્ક પહેરવું અને સોશિયલ ડિસ્ટન્સ રાખવું એ બધુ જ એક ઝાટકે મુવા કોરોનાએ બખૂબી સમજાવી દીધું છે. ઓકે બેક ટુ મોર શ્લોક્સ ઓફ લોકડાઉનસ્ય કથા...!

'ચલ આજે તારે રજા... હમણાં રસોઈ હું બનાવીશ' પતિ ઉવાચ. ' રેવા દયો આ તમારું કામ નહીં...ઊંધું મારશો બધુએ' પત્ની ઉવાચ. 'અરે હોય કાઈ....મારી ફરજ છે તને મદદ કરવાની અને આમ જ હસતે હસતે કટ જાયે રસ્તે ની જેમ એકવીસ દિવસ કાઢવાના જ છે તો વ્હાય નોટ ટ્રાય કૂકિંગ યુ ક્નો ?' .. 'ઓકે'... પતિએ રસોડામાં પ્રવેશ કર્યો અને ધીરુભાઈના મુકેશભાઈના નેટવર્કને ઓન કરીને યુટ્યુબ ચેનલ મધ્યે રેસિપીઝને ક્લિક કરી..! માછલીની આંખને વીંધવા જે એકાગ્રતા અર્જુને દાખવેલી એવી જ એકાગ્રતાથી એણે સમગ્ર રેસિપીનો વિડીયો આંખ્સ્થ કર્યો અને શુભ શરૂઆત કરી કૂકિંગ બોલે તો રસોઈની...! રેસીપી સાદી જ સિલેક્ટ કરેલી એટ્લે તેલ મૂકવા સુધી તો બરાબર ચાલ્યું પણ પછી 'હિંગ ક્યાં છે?'.. 'ખાંડ ક્યાં છે ?'... 'આ ચકરી ફૂલ એટ્લે શું?' ...ગેસ ધીમો કઈ બાજુ કરવાનો ?' ..' જેવા પ્રશ્નોનાં બાણ પત્ની તરફ છોડાવા લાગ્યા. પ્રશ્નોનાં જવાબ તો મળતા હતા પણ એ સવાલ-જવાબ ના શેસનમાં ક્યારે વઘાર બળી ગ્યો એનું ધ્યાન રહ્યું નહીં... મીઠું નાખ્યું કે નહીં એ યાદ કરવા ટકો ખંજોળવો પડ્યો અને હળદર નાખવાની તો સાવ ભુલાઈ જ ગઈ એવા અતિઅઘરા વિઘ્નો વચ્ચે ડ્રોઈંગરૂમમાંથી રસોડામાં પ્રવેશેલા પત્નીશ્રીના એક જ સેહવાગ સ્ટાઈલ પુલ શોટે' મદદ કરવાની ભાવનાની 'હવા કાઢી નાખી...' પહેલા જ કહ્યું હતું કે તમારું કામ નહીં...ખાલી ખોટા ફેસબુક પર સ્ટેટ્સ મૂકવા રસોઈની રંગત બગડી ના નાખો... દૂર હટો...એક ટાઈમના મસાલા અને શાકભાજીનું સત્યાનાશ વાળી દીધું....ખસો..હું બનાવું છુ અને હા બની જાય એટ્લે 'મે બનાવ્યું' એમ કરીને ફેસબુક પર પોસ્ટી દેજો'...!! બાય ધ વે પત્નીની વાત પરથી યાદ આવ્યું કે આ લોકડાઉનના એકવીસિયા એકાંતમાં ઘરઘરમાં આ ડાયલોગ કોમન હશે કે 'આના કરતાં તમે ઓફિસે હોવ ઈ સારું ને છોકરાવ નિહાળે જાય એ બેસ્ટ હતું.... સવારમાં ટિફિન કરી દઉં એટ્લે વાત પતે બાકી આ લોકડાઉનમાં તો મારે ઉલ્ટાનું કામ વધી ગયું...દર બે કલાકે નાસ્તા અને ઉપરથી આ છોકરાવ નું ઘડી ઘડી 'કાઈક ખાવા દે ને' નો આલાપ..! તમારા મોદીસાહેબને કહેજો કે આ એકવીસ દિવસ પછી બીજા એકવીસ દિવસ અમારા જેવી ગૃહિણીઓ માટે પણ જાહેર કરે કે જેમાં બધા જ કામ ઘરના પુરૂષોએ કરવાના...તઈ હું..!'

વાત તો હાચી છે પણ હમણાં એટલિસ્ટ એકવીસ દિવસ સુધી કોઈ દલીલ થાય એમ નથી એમ વિચારતા એણે ગલીના નાકે સુધી સહેજ લટાર મારવા જવાનું નક્કી કર્યું. આમ તો લોકડાઉન હતું પણ શું છે કે ઘરમાં કરે પણ શું એમ વિચારીને કટકે કટકે લોકો નાની મોટી લટાર આજુબાજુમાં મારી આવતા અને અમુક શૂરવીરો ' કેવુક લોકડાઉન છે' એ ચકાસવા દૂર જાવણી હીમત કરી તો નાખતા પણ પછી સુજેલા બેકગ્રાઉંડ કે સુજેલી પીઠ સાથે ' આ ધંધો નો કરાય ભાય્ય ' એમ બીજાને શિખામણો આપતા પાછા પણ આવતા ! 'સાય્બ, વાહામાં બોવ દુખે છે તો ડોક્ટરને બતાવવા જાવું છે ' ગલીના નાકે આવેલા ચાર રસ્તે એક બાઈકસવાર પોલીસદાદાને બહાર નીકળવાનું રિઝ્ન બતાવી રહ્યો હતો. 'વાહામાં દુખે છે ને બાઈક લઈને નીકળ્યા એમ ને ? ' ' એટલું બી નથી દુખતું એટ્લે બાઈક લઈને નીકળ્યો ' પોલીસે ડોક્ટરનું નામ અને સરનામું પુછ્યું તો ગેંગેફેફે.....' હાચું બોલ્ય ભૂરા ' પોલીસે ઉગામેલી સોટી સામે જોઈને બાઈકસવારે ફેરવી તોળ્યું ' કાઈ વાંધો નહીં સાય્બ...બૃફેન લઈ લઈશ ' એમ કહીને સોટી ૯૦ ડિગ્રીમાથી જીરો ડિગ્રીનો કોણ બનાવે એ પહેલા એણે બાઈકને કીક મારી મૂકી. ' ક્યાં જાવું છે ?'.. ' સાય્બ, મારા માસી એકલા છે તો ખબર કાઢવા જાઉં છુ ' 'ખબર નથી કે લોકડાઉન છે, બહાર નો નિકળાય ' 'ખબર છે ને પણ ઈમરજન્સી હતી' ' તો ૧૦૮ ડાયલ કરાય ને 'થોડીક પૂછપરછ પછી ખોટું બોલે છે એવી ગંધ આવતા પોલીસનો દંડો સહેજ સળવળ્યો અને ઈવડો ઈ દંડો પાછલા ટાયર સુધી પહોચે એ પહેલા 'સાય્બ, મારતા નહીં...માવો શોધવા નીકળ્યા તા' આવો જવાબ ફેંકીને રફુચક્કર....!

'હસના મના બિલકુલ નહીં હૈ' એટલા માટે કે આવા તો કઈક શ્લોકો આ લોકડાઉન અધ્યાયમાં સામેલ છે. 'જીવન નાશવંત છે અને બધુ મોહ-માયા છે ' આવું વર્ષોથી પ્રચલિત આધ્યાત્મ જ્ઞાન લોકોને છેલ્લા એકાદ વીકમાં આવી જ ગયું છે...! છાપા વોટ્સએપ પર પણ વાંચી શકાય છે એ હમણાં જ ખબર પડી બોલો...! ...ટીવીમાં કઈ ચેનલ ક્યાં નંબરે આવે છે એ કંઠસ્થ થઈ ગયું તો છોકરાઓને આજસુધી જે ભૂંગળા ખાવા માટે ખીજાતા એ તો બહુ સ્વાદિસ્ટ છે એવી પણ ખબર પડી ગઈ છે અને સાધુ-સન્યાસીની જેમ ઘરમાં ને ઘરમાં જ કેવી રીતે ચોવીસ-ચોવીસ કલાક પસાર કરી શકાય એની પ્રેક્ટિસ પણ પડી ગઈ છે... વિડિયોકોલનો સાચો ઉપયોગ પણ સમજાય ગયો છે તો સવારના નવ વાગ્યા સુધી ઊંઘવું અને બપોરે બે વાગે લંચ લેવા જેવી ક્રાંતિકારી લાઈફ સાઈકલ પણ થઈ ગઈ છે...! કોઈએ સાચું જ કહ્યું છે કે 'ભય વિના પ્રીત નાહી .!'

**(કથા ક્રમશઃ)**